જળ સંપત્તિ વિભાગના ટેન્ડરો અંગે
મુખ્ય ઇજનેરશ્રીઓની સમિતિના
પુન: ગઠન બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક પરચ-૨૦૦૨. દ.ગુ.૮૧-ક-૧
તા. ૦૫/૦૯/૨૦૧૩

વંચાણે લીધો ( ૧ ) વિભાગના હુકમ ક્રમાંક પરચ-૨૦૦૨.દ.ગુ.-૮૧-ક-૧ તા. ૦૯/૦૧/૨૦૦૮
( ૨ ) વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૯૭/૧૩૯૭/૧૧/ક-૧ (એમઆઇસેલ) તા.૧૯/૧/૨૦૧૨

**આમુખ**

સંદર્ભ (૧) ના ઠરાવથી રૂ. ૧/- કરોડથી ઉપરની અંદાજીત કિંમતના કામોના ટેન્ડરોની પ્રી-ક્વોલીફીકેશન તથા ટેન્ડરોની ચકાસણી / ભલામણ માટે મુખ્ય ઇજનેરશ્રી તથા અધીક્ષક ઇજનેરશ્રીની સમિતિની રચના કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧૯/૧/૨૦૧૩ના અનુસંધાન નં-( ૨ ) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં જળસંપત્તિ વિભાગ હેઠળ ટેન્ડરો અંગે મુખ્ય ઇજનેરશ્રીઓની સમિતિ પાસે અનું (૧)ના ઠરાવથી રૂપિયા ૧ કરોડની ઉપરની અંદાજીત કિંમતના કામોના ટેન્ડરોની પી-ક્વોલીફીકેશન તથા ટેન્ડરોની ચકાસણી / ભલામણ કરવાની જોગવાઇ હતી તે વધારીને ૨ કરોડથી વધુ અંદાજીત રકમના કામો માટે ઇજારદારોની પૂર્વ લાયકી તથા ટેન્ડરોની ચકાસણી કમિટી દ્વારા કરાવવાના ધોરણો લાગુ પાડવામાં આવેલ . આ સમિતિના પુન: ગઠનમાં વહીવટી અનુકુળતા ધ્યાનમાં રાખીને પુન: રચના કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં જળસંપત્તિ વિભાગ હેઠળ રૂ. ૨/- કરોડથી ઉપરની અંદાજીત કિંમતના કામોના ટેન્ડરોની પ્રી-ક્વોલીફીકેશન તથા ટેન્ડરોની ચકાસણી / ભલામણ માટે નીચે દર્શાવેલ સભ્યોની સમિતિનું પુન: ગઠન કરવામાં આવે છે.

(૧) મુખ્ય ઇજનેર (ઉ.ગુ) અને અધિક સચિવશ્રી ના કાર્યક્ષેત્ર હેઠળના કામો માટે:-
મુખ્ય ઇજનેર (ઉ.ગુ) અને અધિક સચિવ શ્રી, મુખ્ય ઇજનેર (મ.ગુ) અને અધિક સચિવ શ્રી, નાણા સલાહકારશ્રી (જ.સં) અને સબંધિત અધીક્ષક ઇજનેરશ્રી

(૨) મુખ્ય ઇજનેર (મ.ગુ) અને અધિક સચિવશ્રી ના કાર્યક્ષેત્ર હેઠળના કામો માટે:-
મુખ્ય ઇજનેર (મ.ગુ) અને અધિક સચિવ શ્રી, મુખ્ય ઇજનેર (ઉ.ગુ) અને અધિક સચિવ શ્રી, નાણા સલાહકારશ્રી (જ.સં) અને સબંધિત અધીક્ષક ઇજનેરશ્રી

(3) મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી ના કાર્યક્ષેત્ર હેઠળના કામો માટે:-
મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવ શ્રી, મુખ્ય ઇજનેર (પંચાયત અને દક્ષિણ ગુજરાત) અને અધિક સચિવ શ્રી, નાણા સલાહકારશ્રી (જ.સં) અને સબંધિત અધીક્ષક ઇજનેરશ્રી

(૪) મુખ્ય ઇજનેર (પંચાયત અને દક્ષિણ ગુજરાત) અને અધિક સચિવશ્રી ના કાર્યક્ષેત્ર હેઠળના કામો માટેઃ-

મુખ્ય ઇજનેર (પંચાયત અને દક્ષિણ ગુજરાત) અને અધિક સચિવ શ્રી, મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવ શ્રી, નાણા સલાહકારશ્રી (જ.સં) અને સબંધિત અધીક્ષક ઇજનેરશ્રી

ઉપરોક્ત સમિતિમાં જે તે કામના મુખ્ય ઇજનેરશ્રી તેના સભ્ય સચિવ તરીકે રહેશે. આ સમિતિનો અભિપ્રાય મેળવ્યા પછી સબંધિત મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રીએ ટેન્ડર અંગે આગળની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ સચિવાલય ગાંધીનગર
3. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪ વહીવટી સંચાલક શ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી.
૫ નાણાકીય સલાહકાર (જ.સં)
૬ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
૭. સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
૮. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)
૯. સીલેકટ ફાઇલ